# SBI બેંક લૂંટનો સૂત્રધાર LP સવાણીનો વિદ્યાર્થી

**ચંદન** કુશ્વાહા તામિલનાડુની બોર્ડર પરથી ઝડપાયો

**એલ.પી.** સવાણી કોલેજમાંથી એથિકલ હેકિંગનો કોર્સ કર્યો છે

સુરત:વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની લંબે હનુમાન રોડ બ્રાન્ચમાં ગત ૨૭ એપ્રિલના રોજ ધોળા દિવસે થયેલી ૫૦ લાખની સનસનાટીભરી લૂંટમાં પોલીસે ગેંગના સૂત્રધાર સૂત્રધાર વિકાસ કુમાર ઉર્ફે ચંદન ઉર્ફે જેક અને તેના સાગરીત સંજીત ઉર્ફે સચિતને ઝડપી પાડી તેની પાસેથી લૂંટના 2.70 લાખ પણ રિકવર કર્યા છે. કુંદનના ઈશારે સુરત આવેલા કુંદનના પિતરાઈ ભાઈ ચંદને સમગ્ર ઓપરેશનની કમાન્ડ પોતાના હાથમાં લઈ લીધી છે. ચંદન એલ. પી. સવાણી કોલેજમાંથી એથિકલ હેકિંગનો કોર્સ કરેલો છે. સુરત



પોલીસને બાતમી મળી હતી કે આરોપીઓ કર્ણાટક-તમીલનાડુ બોર્ડર પર છુપાયા છે. જેથી પોલીસે ત્યાં ઓપરેશન પાર પાડી વિકાસકુમાર ઉર્ફે ચંદન ઉર્ફે જેક ઉર્ફે દિપક મનોજભગત અમીરભગત કુશ્વાહા (ઉ.વ.૨૭ રહે,હિદાયત નગર જકાતનાકા સુરત મુળવતન-મધુરાપુરાગામ થાના સાહેબગંજ જી-મુજ્જફરપુર બીહાર) અને આશરો આપનાર સંજીત ઉર્ફે સચીત દિનેશભાઈ રાજભર (રહે. ગામ કરમ્મર થાના-ખીજુડી જી-બલીયા)ને દબોચી લીધા હતા. પોલીસે હાલ મુખ્ય સૂત્રધાર ચંદન પાસેથી રૂ. ૨,૫૦,૦૦૦ અને તેને આશરો આપનાર સુચિત પાસેથી રૂ. ૨૦,૦૦૦ મળીને કુલ રૂ. ૨,૭૦,૦૦૦ની રોકડ રિકવર કરી છે.

## વરાછાની આર્થિક સમૃદ્ધિ જોઈ શાતિર ગેંગનું લંબે હનુમાન રોડ સ્થિત SBI પર નિશાન

આંતરરાજ્ય શાતિર ગેંગે સુરતની ત્રણ મોટી એસબીઆઈ (SBI) શાખાઓને ટાર્ગેટ કરવા માટે શોર્ટલિસ્ટ કરી હતી, જેમાં વરાછા વિસ્તારની આર્થિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને લંબે હનુમાન રોડ સ્થિત શાખાને અંતિમ લક્ષ્ય તરીકે પસંદ કરવામાં આવી હતી. આ ઓપરેશન એટલું વ્યવસ્થિત હતું કે ગેંગના સભ્યો કે શૂટર્સ એકબીજાને રૂબરૂ ઓળખતા પણ નહોતા. સમગ્ર નેટવર્ક માત્ર 'સિગ્નલ' એપના ગુપ્ત ગ્રુપ દ્વારા સંચાલિત હતું અને પ્લાન મુજબ અલગ-અલગ સમયે સાગરીતોને મોકલીને સુરક્ષા એજન્સીઓની આંખમાં ધૂળ નાખવાનો કારસો રચવામાં આવ્યો હતો. લૂંટ પહેલાં ગ્રાહકના વેશમાં આવેલા સાગરીતને મેનેજરે કહ્યું 'લોકર ફૂલ છે' અને કરોડોનો મુદ્દામાલ હોવાની પાકી ખાતરી થતાં જ એસબીઆઈ બ્રાન્ચ ટાર્ગેટ કરાઈ લૂંટના પ્લાનિંગના ભાગરૂપે ગેંગનો મુખ્ય સાગરીત સૌરભ સોનાની જાડી ચેઈન અને વીંટી પહેરીને ધનવાન ગ્રાહકના વેશમાં વરાછાની લંબે હનુમાન રોડ સ્થિત એસબીઆઈ (SBI) બ્રાન્ચમાં ઘૂસ્યો હતો. તેણે બેંક મેનેજર પાસે જઈને લોકર ફેસિલિટી મેળવવાની પૂછપરછ કરી હતી. જોકે, મેનેજરે તમામ લોકર ફૂલ હોવાનો જવાબ આપતા જ બહાર વોચ રાખીને ઉભેલા ચંદન અને સૌરભને પાકી ખાતરી થઈ ગઈ હતી કે બેંકમાં કરોડો રૂપિયાનું સોનું અને રોકડ અંદર મોજૂદ છે. આ માહિતી મળતાં જ શાતિર ગેંગે આ જ બ્રાન્ચ પર ઓપરેશન ફાઇનલ કર્યું હતું.

### આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

પકડાયેલા આરોપીઓ સામાન્ય ગુનેગાર નથી પરંતુ આંતરરાજ્ય લૂંટારુઓ છે. મુખ્ય આરોપી વિકાસકુમાર ઉર્ફે ચંદન વિરૂદ્ધ બિહારના પટના, વૈશાલી અને સારણમાં પીએનબી બેંક લૂંટ, શ્રીરામ ફાઇનાન્સમાં ધાડ તેમજ મહેસાણામાં આર્મ્સ એક્ટ સહિત ૫ ગંભીર ગુના નોંધાયેલા છે. જ્યારે સહ-આરોપી સંજીત રાજભર વિરૂદ્ધ મહેસાણામાં સગીરા પર બળાત્કાર, પોક્સો અને એટ્રોસિટી એક્ટ જેવો ગંભીર ગુનો નોંધાયેલો છે.હાલ વરાછા પોલીસે બાકીના લૂંટાયેલા નાણાં અને હથિયારો રિકવર કરવા તેમજ અન્ય સાગરીતોને પકડવા બંને આરોપીઓની પૂછતાછ શરૂ કરી છે.

### સુરતના રસ્તા આંગળીના વેઢે હોવાની કબૂલાત

ડિજિટલ અને ભૌગોલિક રેકીના અનોખા સમન્વય સાથે ચંદને સુરતની અઠવાગેટ, પાલનપુર જકાતનાકા અને વરાછા સહિત અનેક બેંકોને નિશાન બનાવવાની તૈયારી કરી હતી. તેણે ગૂગલ મેપ પર ઉપલબ્ધ બેંકોના અંદરના (ઇન્ટિરિયર) અને બહારના (એક્સટેરિયર) ફોટા જોઈને આખો લેઆઉટ મગજમાં ગોઠવી લીધો હતો. એટલું જ નહીં, મેપમાં ન દેખાતા બંધ રસ્તાઓ અને સાંકડી ગલીઓની ચોક્કસ સ્થિતિ જાણવા તેણે મોટરસાઇકલ પર જાતે ફરીને નેટવર્ક બાય-હાર્ટ કર્યું હતું. પોલીસ પૂછપરછ દરમિયાન પણ તે લંબે હનુમાન રોડથી કનેક્ટ થતી એકેએક ગલીની વિગતો આંગળીના વેઢે ગણાવ્યા હતા.

### સીસીટીવીથી બચવા સ્માર્ટ સિટીના કેમેરા લોકેશનની ડાયરી બનાવી

અગાઉ વર્ષ 2023માં સુરતમાં રહી ચૂકેલો શાતિર ચંદન મોટા ઓપરેશનને અંજામ આપવા ડિસેમ્બર 2025માં ફરી સુરત આવ્યો હતો. વરાછાના હિદાયતનગરમાં અસલી ઓળખ છુપાવી, નકલી ઓળખકાર્ડના આધારે ભાડાનું મકાન મેળવી તેણે નેટવર્ક ગોઠવ્યું હતું. ચંદને સુરત શહેરના એન્ટ્રી-એક્ઝિટ પોઇન્ટ્સ અને ગૂગલ મેપની મદદથી કાળજીપૂર્વક ભૌગોલિક સ્થિતિનો અભ્યાસ કર્યો હતો. એટલું જ નહીં, પોલીસ પકડથી બચવા માટે સુરત સ્માર્ટ સિટીના સિક્યોરિટી અને ટ્રાફિક કેમેરા ક્યાં લાગેલા છે તેની ખાસ લોકેશન ડાયરી પણ તૈયાર કરી હતી.

# કુખ્યાત આસિફ ગાંડાનો ચપ્પુ સાથે સાઢુ ભાઈના ઘરમાં આતંક

**૨૦ વર્ષનો** સંસાર તૂટ્યાની અને જૂના ધંધાકીય ઝઘડાની અદાવતમાં ટ્રાન્સજેન્ડરો અને સાગરીતો સાથે હુમલો

સુરતઃ બેગમપુરામાં કૌટુંબિક અને વ્યવસાયિક અદાવતમાં એક કુખ્યાત માથાભારે આસિફ ગાંડાએ સાઢુ ભાઈના ઘરે મોડી રાત્રે હાથમાં ચપ્પુ વડે આતંક મચાવ્યો હતો.પોલીસ સૂત્રો અને ફરિયાદની વિગતો મુજબ બેગમપુરા ચોકીની ગલીમાં આવેલા ગુલફા પેલેસના ફ્લેટ નં.૩૦૨માં ઝૈનુલ આબેદીન (હુસૈન અબ્બાસ) દાગીનાવાલા પોતાના પરિવાર સાથે રહે છે. તેમના મોબાઈલ ફોન પર અચાનક તેમના સગા સાળા અને સુરત શહેરના કુખ્યાત બુટલેગર આસિફ ગાંડાનો ધમકીભર્યો ફોન આવ્યો હતો. ફોન પર ગાળો ભાંડતાં આસિફે હુસૈનભાઈ ક્યાં છે પૂછ્યું હતું. હુસૈને પોતે ઘર પર હોવાનું કહેતાં જ આસિફ ઉશ્કેરાઈ ગયો હતો અને 'આજે તને, તારી દીકરી અને પત્નીને જાનથી મારી નાંખીશ' તેવી ધમકી આપી હતી. આ ફોન કોલના ગણતરીના સમયમાં જ આસિફ સાગરીતો અને કેટલાક ટ્રાન્સજેન્ડરોનાં ટોળાં સાથે હથિયારો લઈ હુસૈનભાઈના ઘર બહાર આવી પહોંચ્યો હતો.

પીડિત હુસૈન અબ્બાસના જણાવ્યાનુસાર આરોપી આસિફ ગાંડાની પત્ની એ હુસૈનભાઈની પત્નીની સગી નાની બહેન થાય છે. કૌટુંબિક વિખવાદના કારણે આસિફે ૨૦ વર્ષ જૂનો સંસાર તોડી પત્નીને તલાક આપી દીધા હતા. ઉપરાંત વર્ષ-૨૦૧૯ સુધી હુસૈનભાઈ અને આસિફ ધંધામાં ભાગીદાર હતા, જે બાદમાં અલગ થઈ ગયા હતા.

# મુંબઈથી લવાતું રૂ.૧.૫૭ લાખનું 'MD' ઝડપાયું

**સુરતમાં** ડ્રગ્સની અછત વર્તાતા પેડલરોએ વધુ નફો કમાવવા મુંબઈથી માલ મંગાવ્યો હતો

સુરતઃ મુંબઈથી કેમિકલ ડ્રગ્સનો મોટો જથ્થો લઇ સુરત આવી રહેલા ત્રણ યુવાનને એસઓજીએ સચીન કપ્લેથા ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી ઝડપી લીધા હતાં. તેની પાસેથી કુલ રૂ.૮,૬૦,૫૫૦નો કેફી પદાર્થ કબજે લેવામાં આવ્યો હતો. એસઓજીને હકીકત મળી હતી કે હ્યુન્ડાઇ કંપનીની 'ઓરા' કાર (GJ-05-RX-9787)માં શહેરમાં ડ્રગ્સનો જથ્થો ઘૂસાડવામાં આવવાનો છે. જેના આધારે સચીન કપ્લેથા ચેકપોસ્ટ પાસે નાકાબંધી ગોઠવી દીધી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી ને અટકાવી તલાશી લેતા તેમાંથી માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. આ ઓપરેશન એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. ઇમ્તીયાઝ ફકરૂમોહમદ અને હેડ કોન્સ્ટેબલ જશીભાઈ શાંતીભાઈની બાતમીના આધારે પાર પાડવામાં આવ્યું હતું. એસઓજી પોલીસે ઘટનાસ્થળેથી ૫૨.૩૫૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (કિંમત રૂ. ૧,૫૭,૦૫૦/-),રૂ.૬.૫૦ લાખની કિંમતની ઓરા કાર અને રૂ.૫૩,૫૦૦ ના ૪ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૮,૬૦,૫૫૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ સચીન પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### સુરતમાં ડ્રગ્સની શોર્ટેજ થતા ભાવ વધ્યા, વધુ નફાની લાલચે મુંબઈથી માલ લાવ્યા

એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમે માહિતી આપતા જણાવ્યું હતું કે આરોપીએ કબૂલાત કરી છે કે શહેરમાં ડ્રગ્સની ભારે અછત સર્જાતા તેના છૂટક ભાવો આસમાને પહોંચ્યા છે. આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી વધુ નફો મેળવવા માટે આ ત્રણેય ઈસમોએ ભાગીદારી કરી હતી અને મુંબઈના એક વોન્ટેડ સપ્લાયર પાસેથી માલ ખરીદ્યો હતો. પોલીસની નજરથી બચવા તેઓએ કારમાં ગુપ્ત રીતે ડ્રગ્સ સંતાડ્યું હતું, પરંતુ સુરતમાં પ્રવેશતા પહેલા જ ઝડપાઈ ગયા હતા.

### પકડાયેલા ડ્રગ્સ પેડલરોની વિગત

૧.દાનીશ ઉર્ફે દાનીશ શેખ હારૂન કુરેશી (ઉ.વ.૩૦, રહે. લિંબાયત અને વરાછા, સુરત; મૂળ ધુલિયા, મહારાષ્ટ્ર)
૨.સૈયદ ઝહીર હુસેન મુઝફ્ફર હુસૈન (ઉ.વ.૨૨, રહે. સુમન વંદન આવાસ, જહાંગીરપુરા, સુરત; મૂળ ચિતોડગઢ, રાજસ્થાન)
૩.મનોજ શ્રાવણ ચૌધરી(ઉ.વ.૪૦, ધંધો-ડ્રાઈવર, રહે. વિનાયક નગર, પાંડેસરા, સુરત; મૂળ જલગાંવ, મહારાષ્ટ્ર)

### ત્રણ વર્ષથી ડ્રગ વેચતા હતા, મુંબઈમાં રહેતો નાઇજીરીયન વૉન્ટેડ

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપી દાનીશે કબૂલાત કરી હતી કે તેઓ છેલ્લા ત્રણેક વર્ષથી મુંબઈના ડોંગરી રેલ્વે પાટા પાસે રહેતા મુસ્તુફા નામના નાઇજીરીયન વ્યક્તિ પાસેથી એમ.ડી. ડ્રગ્સનો જથ્થો ખરીદી લાવતા હતા અને સુરતના જુદા-જુદા વિસ્તારોમાં છૂટક વેચીને ત્રણેય સરખો નફો વહેંચી લેતા હતા. છેલ્લા એક મહિનાથી ડ્રાઈવર મનોજ ચૌધરી પણ પોતાની ભાડેની કાર સાથે આ કાળા કારોબારમાં જોડાઈ ગયો હતો.

### વિશ્વયોગ દિવસ પહેલા અડાજણના સ્વિમિંગ પુલમાં પ્રેક્ટિસ



■ આજે સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જો કે શનિવારે સવારે અડાજણના સ્વિમિંગપુલમાં તેની પ્રેક્ટિસ કરવામાં આવી હતી. (તસવીર : સતીષ જાદવ)

### સરથાણાના વેપારી સાથે ૬.૫૫ લાખની છેતરપિંડી કરાઈ

સુરતઃ સરથાણા પ્રમુખપાર્ક સોસાયટીમાં રહેતા અશોકભાઈ સવજીભાઈ સતાણી (ઉં.વ. ૫૬) વરાછા ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટમાં 'ક્રિષ્ણા ફેબ્રિક્સ' નામે વહીવટ ચલાવે છે. આરોપી અરવીંદ રામજીભાઈ ચૌધરી (પ્રોપરાઈટર, શ્રીનાથજી એન્ટરપ્રાઈઝ નેક્સ્ટ,સુરત) એ પોતાને પ્રતિષ્ઠિત વેપારી ગણાવી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો.જે બાદ આરોપીએ ૪૫ દિવસની શરતે અલગ-અલગ ૧૫ પાકા જીએસટી બિલથી કુલ ૬,૭૫,૧૮૧/-નો માલ ખરીદ્યો હતો. તેમાંથી માત્ર ૨૦,૦૦૦/- ચૂકવી, બાકી નીકળતી ૬,૫૫,૧૮૧/-ની રકમ માટે ખોટા વાયદાઓ કરી છેતરપિંડી આચરી હતી. વરાછા પોલીસે આ મામલે અરવિંદ ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ફ્રન્ટલાઇન સ્પિનર્સે POYના ભાવમાં પ્રતિ કિલો રૂ.3નો ઘટાડો કર્યો

**તમામ** ડેનિયર અને લસ્ટરમાં નવા ભાવ અમલમાં, ટેક્સટાઇલ ઉદ્યોગને રાહત

સુરત : દેશની અગ્રણી પેટ્રોકેમિકલ કંપની અને ફ્રન્ટલાઈન સ્પિનર દ્વારા પોલિએસ્ટર ઓરિયેન્ટેડ યાર્ન (POY)ના ભાવમાં પ્રતિ કિલો રૂ.3નો ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. નવા ભાવો આજથી અમલમાં આવ્યા છે.

કંપની દ્વારા જાહેર કરાયેલા સુધારેલા ભાવ મુજબ તમામ ડેનિયર અને લસ્ટર કેટેગરીના POYમાં રૂ.3 પ્રતિ કિલોનો ઘટાડો કરવામાં આવ્યો છે. ભાવ ઘટાડા બાદ ફાઈન ડેનિયર POYનો ભાવ રૂ.118 પ્રતિ કિલો જ્યારે કોર્સ ડેનિયર POYનો ભાવ રૂ.115 પ્રતિ કિલો નક્કી કરવામાં આવ્યો છે.

ટેક્સટાઈલ અને સિન્થેટિક યાર્ન ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી કાચા માલના ભાવમાં નરમાઈ જોવા મળી રહી હતી. તેના અનુસંધાને RIL દ્વારા કરવામાં આવેલો આ ભાવ ઘટાડો વણાટ, પ્રોસેસિંગ અને યાર્ન ટ્રેડિંગ ક્ષેત્ર માટે રાહતરૂપ સાબિત થશે. ઉદ્યોગ વર્તુળોમાં માનવામાં આવે છે કે POYના ભાવમાં થયેલા ઘટાડાની અસર આગળ ચાલીને ફેબ્રિક અને ટેક્સટાઈલ ઉત્પાદનોના ઉત્પાદન ખર્ચ પર પણ જોવા મળી શકે છે. ખાસ કરીને સુરતના મેનમેડ ટેક્સટાઈલ ઉદ્યોગ માટે આ નિર્ણય સકારાત્મક ગણાઈ રહ્યો છે, કારણ કે POY ટેક્સટાઈલ ઉત્પાદન માટેનું મહત્વનો કાચો માલ છે. વેપારીઓના મતે, આગામી દિવસોમાં કાચા માલ PTA અને MEGના વૈશ્વિક ભાવોના રૂઝાનને આધારે યાર્ન બજારમાં વધુ ભાવ સુધારા જોવા મળી શકે છે.

## કિરણ હોસ્પિટલમાં AI બેઈઝ્ડ કેન્સરની સારવાર

**'એથોસ'**, 'હેલ્સિઓન'અને 'ટ્રૂબીમ'ટેક્નોલોજીથી દર્દીઓને વધુ સચોટ અને વ્યક્તિગત સારવાર મળશે



સુરતઃ સુરતની કિરણ હોસ્પિટલએ કેન્સર સારવાર માટે AI આધારિત નેક્સ્ટ-જનરેશન રેડિયેશન ઓન્કોલોજી ટેકનોલોજી 'એથોસ'સહિત 'હેલ્સિઓન' અને 'ટ્રૂબીમ'પ્લેટફોર્મનો ઉપયોગ શરૂ કર્યો છે. આ ટેકનોલોજી દર્દીના શરીરમાં થતા ફેરફારોને ધ્યાનમાં રાખીને વધુ ચોકસાઈભરી અને અસરકારક સારવાર પૂરી પાડશે.

હોસ્પિટલના CEO ડૉ. હર્ષદ જોશીના જણાવ્યા અનુસાર, મેડિકલ, સર્જિકલ, રેડિયેશન અને ન્યુક્લિયર ઓન્કોલોજીના નિષ્ણાતો દ્વારા દરેક દર્દી માટે વ્યક્તિગત સારવાર યોજના તૈયાર કરવામાં આવે છે. હોસ્પિટલમાં રોબોટિક સર્જરી, HIPEC અને ન્યુક્લિયર મેડિસિન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. CAO ડૉ. મુકેશ પટેલે જણાવ્યું કે હોસ્પિટલ કેન્સર સારવાર ઉપરાંત જાગૃતિ, વહેલા નિદાન અને નિવારણ માટે પણ વિવિધ સ્ક્રીનિંગ અને જનજાગૃતિ અભિયાન ચલાવી રહી છે. AI આધારિત 'એથોસ'ટેકનોલોજી દર્દીના દૈનિક શારીરિક ફેરફારો મુજબ રેડિયેશન સારવારને અનુકૂળ બનાવે છે. જ્યારે 'ટ્રૂબીમ'ટ્યુમરને રિયલ-ટાઇમ ટ્રેક કરીને સબ-મિલિમીટર સ્તરની ચોકસાઈથી સારવાર આપે છે, જેના કારણે આડઅસરોમાં ઘટાડો થાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસમાં પોસ્ટલ ફોરમના સભ્યોની બેઠક યોજાઇ




સુરતઃ પોસ્ટલ ફોરમના સભ્યો માટે વર્ષના ૨૦૨૬ની દ્વિતીય બેઠક તા. ૧૯મીના શુક્રવારે બપોરે ચાર કલાકે અત્રેના મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસમાં સિનિયર પોસ્ટ માસ્તર શ્રી આઇ. એન. ખ્રિસ્તીના અધ્યક્ષપદે યોજાઈ હતી. આ બેઠકમાં પોસ્ટલ ફોરમના સભ્યો સર્વશ્રી યુસુફ ગુજરાતી, કમલેશ પારેખ, શાંતિલાલ લાડવીયા, સંદિપ ચલકવાલા અને સુરેન્દ્ર દલાલ હાજર રહ્યા હતા. પોસ્ટલ ફોરમના સભ્ય શ્રી સંદીપ ચલકવાલા સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ચૂંટાઈને નગર સેવક બનતા પોસ્ટલ ફોરમના સભ્યોએ તેમને પોસ્ટ માસ્ટર સહિત શુભેચ્છા પાઠવી હતી.

### આજે સલાબતપુરા અર્બન સોસાયટીની સામાન્ય સભા

સુરતઃ સલાબતપુરા અર્બન કો. ઓ. ક્રેડીટ સો.લિ.ની ૪૬ મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૧/૦૬/૨૦૨૬ નાં રોજ સાંજે ૪-૦૦ કલાકે શ્રી સુરત ખંભાતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ ટ્રસ્ટની વાડી, રુસ્તમપુરા, સુરત મુકામે રાખવામાં આવી છે.

### શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ખાતે સાયબર શક્તિ વિષય પર સેમિનાર



સુરત : શ્રી શંભુભાઈ વી પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી ઓપરેશન સુરક્ષિત સાયબર શક્તિ વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં PSI કે. કે. અસોદરિયા મુખ્ય વક્તા તેમજ HC પૂનમબા ગઢવી અને PC મહેન્દ્રસિંહ વાઘેલા નિષ્ણાત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઇમ, ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા સુરક્ષા, ડિજિટલ જવાબદારી અને સાયબર ગુનાઓથી બચવાના અસરકારક ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલ નરથાણમાં વિશેષ પેરેન્ટિંગ સેશનનું આયોજન



સુરત : આજના આધુનિક યુગમાં બાળકોના સર્વાંગી વિકાસ અને વાલીઓના માર્ગદર્શન હેતુ સુરતની ધી રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલ (CBSE) દ્વારા ૨૦-૦૬-૨૦૨૬ ને શનિવાર ના રોજ એક વિશેષ 'પેરેન્ટિંગ સેશન' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ખાસ કરીને નર્સરીથી લઈને ધોરણ-8 સુધીના વિદ્યાર્થીઓના વાલીઓ માટેના પહેલા સેશનમાં મુખ્ય વક્તા ડો હિમાદ્રી હતા. અને બીજો સેશનમાં મુખ્ય વક્તા ડી'સુઝા સર ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાના મેનેજિંગ ડિરેક્ટર, કિશન માંગુકિયાના જણાવ્યા અનુસાર , ધી રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલ ગુજરાતની એવી અગ્રણી શાળાઓમાંની એક છે જે મજબૂત ભારતીય મૂલ્યોની સાથે જાપાનીઝ શિક્ષણ પદ્ધતિનો સમન્વય કરે છે.

### મો.વ.બુનકી બાળભવન જીવનભારતીમાં પ્રવેશોત્સવ



જીવનભારતી મંડળ સંચાલિત મો.વ. બુનકી જીવનભારતી બાળભવનમાં બાળકોનો પ્રવેશ ઉત્સવ કર્યો તેમાં નર્સરી, જુનિયર કે.જી અને સિનિયર કે.જીનાં બાળકોને ઘૂઘરા અને ટોપી ભેંટ માં આપી હતી, કાર્યક્રમમાં મંડળના કારોબારી સભ્ય કપિલભાઈ શુક્લ અતિથિ વિશેષ ધ્રુવ લતાબેન અને યોગેશભાઈ કાપડિયા પધાર્યા હતા, શિક્ષક મિત્રો સાથે બાળકોએ ઉત્સાહપૂર્વક પ્રવેશ ઉત્સવ માણ્યો હતો આચાર્યા રચનાબેન ચોખાવાળાનાં માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

**આજે વિશ્વ યોગ ડે** | સોનીફળિયા હિન્દુમિલન મંદિરમાં યોગ સાથે લાઠીદાવ અને કુસ્તીના વર્ગ પણ ચાલતા હતા

# ૮૫ વર્ષ પહેલા સુરતમાં યોગ શરૂ થયા હતા

**વર્ષ-**૧૯૪૧માં સ્વામિ પુરુનાથમાનંદન, સ્વામિ અદ્વૈત્યાનંદન બાળકો અને યુવાનોને યોગ શીખવતાં હતા

સુરતઃ દર વર્ષે 21 જૂનના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. યોગ ભારતની પ્રાચીન અને અમૂલ્ય પરંપરા છે, જે શરીર, મન અને આત્માને એકતા તરફ દોરી જાય છે. આજના ઝડપી અને તણાવભર્યા જીવનમાં યોગ માત્ર કસરત નહીં, પરંતુ સંતુલિત અને સ્વસ્થ જીવન જીવવાની કળા છે. ત્યારે ૮૫ વર્ષથી ગોપીપુરા સ્થિત હિન્દુ મિલન મંદિર યોગની પરંપરા આજે પણ નિભાવી રહ્યું છે. વર્ષ ૧૯૪૧મા ભારત સેવાશ્રમની સ્થાપના સાથે જ હિન્દુ મિલન મંદિરમાં બાળકો-યુવાનો સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહે એ માટે યોગ શીખવવામા આવે છે તેમ ભારત સેવાશ્રમ સંઘનાં પ્રમુખ સ્વામિ અંબરિષાનંદજીએ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૪૧માં યોગમાં એક્ષપર્ટ સ્વામિ પુરુનાથમાનંદન, સ્વામિ અદૈત્યાનંદન બાળકો યુવાનોને યોગ શિખવતાં હતા. હિન્દુ મિલન મંદિરમાં યોગ સાથે લાઠીદાવ, કુશ્તીના વર્ગ પણ ચાલતાં હતાં. સંસ્થાનો પહેલાંથી જ સિધ્ધાંત છે કે બાળકો અને યુવાનો સ્વસ્થ રહે એ માટે વ્યાયામનો પ્રચાર વ્યાપક કરવામાં આવે છે. આજે દરરેજ કતારગામ ગુરુકુળ અને ગોપીપુરા હિન્દુ મિલન મંદિર ખાતે યોગનાં નિયમિત કલાસ ચાલે છે. યોગ માત્ર શરીરની તંદુરસ્તી માટે જ નહીં, પરંતુ આંતરિક શાંતિ, સકારાત્મકતા અને આધ્યાત્મિક વિકાસ માટે પણ અત્યંત ઉપયોગી છે.

## સુરતમાં ઠેર ઠેર યોગનું આયોજન

**'સ્વસ્થ** બુઢાપા માટે યોગ' થીમ સાથે આજે શહેરભરમાં સામૂહિક યોગાસનો યોજાશે



સુરતઃ દર વર્ષે 21મી જૂનના રોજ ઉજવાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે સુરત શહેર સહિત સમગ્ર ગુજરાતમાં વિશેષ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. વર્ષ 2026 માટે યોગ દિવસની મુખ્ય થીમ 'સ્વસ્થ બુઢાપા માટે યોગ' રાખવામાં આવી છે. આ થીમનો મુખ્ય હેતુ યોગના માધ્યમથી દરેક ઉંમરના લોકોમાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.

યોગ માત્ર કસરત નહીં પરંતુ સ્વસ્થ જીવનશૈલીનું મહત્વપૂર્ણ સાધન છે. નિયમિત યોગાભ્યાસ શરીરની લવચીકતા વધારવા, તણાવ ઘટાડવા અને વિવિધ રોગોથી બચવામાં મદદરૂપ બને છે. ખાસ કરીને વધતી ઉંમરમાં શરીર અને મનને તંદુરસ્ત રાખવામાં યોગની ભૂમિકા મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સુરત શહેરના વિવિધ જાહેર સ્થળો, બગીચાઓ અને મેદાનોમાં સામૂહિક યોગ કાર્યક્રમો યોજવામાં આવશે. રાજ્યભરના સ્ટેડિયમો, ઐતિહાસિક સ્મારકો તથા જાહેર સ્થળોએ પણ મોટી સંખ્યામાં લોકો યોગાભ્યાસમાં જોડાશે. રવિવારે વહેલી સવારથી શરૂ થનારા આ કાર્યક્રમોમાં વિવિધ સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યોગ સંગઠનો તેમજ સામાન્ય નાગરિકો ઉત્સાહપૂર્વક ભાગ લેશે.શહેરના અનેક કાર્યક્રમોમાં રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો અને યોગ નિષ્ણાતોની ઉપસ્થિતિ રહેશે. યોગના મહત્વ અંગે માર્ગદર્શન સાથે વિવિધ યોગાસનોનું પ્રદર્શન પણ કરવામાં આવશે. યોગ દિવસની ઉજવણી દ્વારા સ્વસ્થ સમાજ અને નિરોગી જીવનનો સંદેશ જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.